सत्य मेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૫/૦૩/૨૦૨૬ | | |
| રજીસ્ટર તારીખ | ૦૫/૦૩/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | ૧૭/૦૩/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૧૨ |

## રાજકોટના મહે. એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામઃ રાજકોટ.

ફોજદારી પરચુરણ અરજી નંબરઃ ૬૬૦/૨૦૨૬.
આંકઃ ૧૦

**અરજદાર/આરોપી.**

**આફતાબ રફીકભાઇ જુણેજા (આરોપી નંબર-૨),**
ઉ.વ. ૨૦, વ્યવસાયઃ મજુરીકામ,
રહે. પરસાણા નગર, શેરી નં. ૦૭,
જામનગર રોડ,રાજકોટ.
(હાલઃ સેન્ટ્રલ જેલ-રાજકોટ.)

-// વિરૂધ્ધ //-

**સામાવાળા.**

(૧) શ્રી સરકાર.
(૨) મુળ ફરીયાદી

બાબતઃ બી.એન.એસ.એસ. કલમ ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.

---

અરજદાર તરફે :- વિધ્વાન વકીલશ્રી આઇ.વી.પરાસરા.
સામાવાળા તરફે :- વિધ્વાન એ.પી.પી. શ્રી પી.કે.પટેલ.

---

## ચુ કા દો –

૧. રાજકોટ શહેર ભકિતનગર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબરઃ ૧૧૨૦૮૦૫૨૨૫૦૭૮૬/૨૦૨૫, બી.એન.એસ.કલમ–૧૩૭(૨), ૮૭, ૬૫(૧), ૭૫(૨) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ બાબત અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૪,૮,૧૭ મુજબના ગુનામાં અરજદાર જયુડીશ્યલ કસ્ટડીમાં છે અને અરજદારે હાલની આ અરજી બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન પર મુક્ત થવા માટે અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

૨. આ અરજી દાખલ થતાં સામાવાળાને નોટીસ કરવામાં આવેલ અને નોટીસ બજતા સામાવાળા/સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી હાજર થયેલા છે તથા તપાસ કરનાર અધિકારીનુ સોગંદનામું રજુ રાખેલ છે.

૩. અરજદાર તરફે વિદ્ધાન વકિલશ્રીએ દલીલ કરી જણાવે છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે, કહેવાતો કોઇ ગુન્હો કરેલ નથી. ચાર્જશીટ બાદ હાલની અરજી છે. તે ફાઈલના ગ્રાઉન્ડ ઉપર જામીન અરજી નામંજુર થયેલ છે. આરોપી નં.–૩,૪ નાઓની રેગ્યુલર જામીન અરજી મંજુર થયેલ છે. આરોપી નં.–૧ની જામીન અરજી નામંજુર થયેલી છે. ભોગ બનનારે હાલના અરજદારને ફ્રેન્ડ રીકવેસ્ટ મોકલેલ છે.અરજદારનો કોઇ ગંભીર રોલ નથી. નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનુ પાલન કરવા તૈયાર છે. આ તમામ સંજોગો ધ્યાને લઈ અરજદારને જામીન પર મુક્ત કરવા રજુઆત કરેલ છે.

૪. સામાવાળા/સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ ગંભીર પ્રકારનું

કૃત્ય કરેલ છે. જેનો પુરતો પુરાવો છે. જેથી તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું ધ્યાને લઈ અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

આ કામે આંક–૬થી મુળ ફરીયાદીએ લેખીત વાંધાઓ રજુ કરેલ છે અને જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલી છે. જે વંચાણે લેવામાં આવે છે.

૫. બંને પક્ષકારોને સાંભળ્યા, તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું વંચાણે લીધુ. આ કામે હાલના અરજદારની અગાઉ એફ.આઈ.આર.ના ગ્રાઉન્ડ ઉપર રેગ્યુલર જામીન અરજી નામંજુર થયેલી છે. તપાસ કરનાર અમલદારનુ સોગંદનામુ વંચાણે લેતા તેમાં જણાવે છે કે, આરોપી વિરૂદ્ધ એ ડીવીઝન પોલીસ સ્ટેશનમા તથા પ્રધુમનનગર પોલીસ સ્ટેશનમાં ગુનાઓ દાખલ થયેલા છે. આરોપી વિરૂદ્ધના આક્ષેપ જોતા હાલના અરજદાર/આરોપીએ ભોગ બનનાર સાથે સંપર્ક કરી, સ્પર્શ શારિરીક અડપલા કરી સતામણી કરેલાનો આક્ષેપ છે. આ કામે અન્ય જે સહ આરોપી નં. ૧ શમીનાબેન તથા નં. ૪ને જામીન ઉપર મુક્ત કરવામાં આવે છે. તે આરોપીનો રોલ અને હાલના આરોપીનો રોલ જુદો પડે છે. હાલના અરજદારે ભોગ બનનારને બથમાં લઈ લીધેલા અને જાતીય સતામણી કરેલાનો આક્ષેપ છે. ભોગબનનારની ઉમર ૧૩ વર્ષ અને ૭ માસની હોવાનું રેકર્ડ ઉપર આવે છે. આ સંજોગોમાં ભોગ બનનારનું નિવેદન વંચાણે લેતા હાલના અરજદાર વિરૂદ્ધ પ્રાઈમાફેસી કેસ જણાય આવે છે. જે સંજોગોમાં અરજદાર/આરોપીની તરફેણમાં વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવો ન્યાયોચીત જણાતુ નથી. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-// હુકમ //-**

**૧.** અરજદાર/આરોપીની હાલની અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

હુકમ, આજ તારીખઃ ૧૭મી, માહેઃ માર્ચ, સનેઃ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૭/૦૩/૨૦૨૬
સ્થળઃ રાજકોટ.

**(વિજયસિંહ અભેસિંહ રાણા)**
સ્પે.જજ(પોકસો કોર્ટ) અને
એડિશનલ સેશન્સ જજ,
રાજકોટ.
(UIC NO.GJ 01510)

*//PBB//*